અમદાવાદમાં મૂશળધાર વરસાદ : જનજીવન અસ્તવ્યસ્ત

અમદાવાદ શહેરમાં ગઈકાલ રાતથી શરૂ થયેલા વરસાદે તેનું તોફાની મેઘતાંડવ સ્વરૂપ બતાવી સમગ્ર શહેરને જાણે જોરદાર રીતે ઘમરોળી નાંખ્યું હતું. અમદાવાદમાં પાંચ ઈંચથી વધુ વરસાદે સમગ્ર શહેરની જાણે પથારી ફેરવી નાંખી હતી અને જનજીવન તહેસનહેસ થઈ ગયું હતું. મેઘરાજાએ તેમના તોફાની ઝંઝાવાતનો પરચો આપી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એકશન પ્લાનની તો જાણે ધજ્જિયાં ઉડાવી હતી. તો, શહેરીજનોએ પણ કોર્પોરેશન અને ઔડા સત્તાવાળાઓ પરત્વે ઉગ્ર આક્રોશ ઠાલવી તેમના નામના જાણે છાજિયા લીધા હતા. પાંચ ઈંચથી વધુ ભારે વરસાદને પગલે શહેરના મોટાભાગના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. પૂર્વના પટ્ટામાં ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં તો પાંચથી છ ફુટ સુધી વરસાદી પાણી ઘૂસી ગયા હતા. તો, શહેરના પશ્ચિમ અને નવા પશ્ચિમ વિસ્તારોમાં પણ ચાર ફુટ સુધીના વરસાદી પાણી ફરી વળ્યા હતા. વરસાદી પાણીની નિકાલની વ્યવસ્થા અને રોડ-રસ્તાના કામોમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરતાં અમ્યુકોના સત્તાવાળાઓને મેઘરાજાએ તેમના તોફાની તાંડવ મારફતે જાણે જોરદાર તમાચો માર્યો હતો. કોર્પોરેશન સત્તાવાળાઓ માટે શહેરની જળપ્રલયની સ્થિતિના મુદ્દે બચાવ કરવા જેવુ કંઈ રહ્યું જ ન હતુ અને તેઓના મોં સીવાઈ ગયા હતા.

શહેરમાં ભારે વરસાદના કારણે મીઠાખળી, અખબારનગર અંડરપાસ તેમ જ નિર્ણનગર ગરનાળાને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે, પાણી ઓસર્યા બાદ તે ફરી ખોલાયા હતા. તો મેમનગર વાળીનાથ ચોક અને એઈસીવાળા રીંગરોડ પરના પટ્ટામાં ચારથી પાંચ ફુટ પાણી ભરાતાં તંત્રને એઈસી ચાર રસ્તાથી મેમનગર સુધીનો એક પટ્ટો વાહનવ્યવહાર માટે થોડા સમય માટે બંધ કરવાની ફરજ પડી હતી. અમદાવાદ શહેરમાં શુક્રવાર રાતથી જબરદસ્ત રીતે ધોધમાર વરસાદ ચાલુ થયો હતો. જે આજે પણ દિવસ દરમ્યાન ચાલુ રહ્યો હતો. ગઈકાલ મોડી રાતથી અને આજે સવારે વરસાદની તીવ્રતા એટલી બધી જોરદાર હતી કે, એ સમયગાળા દરમ્યાન શહેરમાં મહત્તમ વરસાદ ખાબકી ગયો હતો.

વાસણા બેરેજના ૪ દરવાજા બબ્બે ફુટ ખોલાયા

ઉપરવાસના ભારે વરસાદ અને નવા નીરની આવકને પગલે આજે બપોરે વાસણા બેરેજના ત્રણ દરવાજા ખોલવાની તંત્રને ફરજ પડી હતી. વાસણા બેરેજમાં વરસાદી પાણીની આવક વધતાં તંત્રના અધિકારીઓને બેરેજના ચાર દરવાજાઓ બબ્બે ફુટ સુધી ખોલ્યા હતા. વાસણા બેરેજના ૨૧, ૨૨, ૨૩ અને ૨૮ નંબરના દરવાજાઓ ખોલાતા નદી કાંઠાના વિસ્તારના ખાસ કરીને નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને અન્ય સલામત સ્થળે ખસી જવા તાકીદ કરી આ અંગેની કાર્યવાહી હાથ ધરાઈ હતી. વરસાદી નીરની આવકને પગલે આજે વાસણા બેરેજની ૧૨૯ ફુટ સુધી પહોંચી હતી. વરસાદી માહોલ વચ્ચે વીજકરંટની ઘટનાઓ પણ સામે આવી રહી છે.

મુખ્યમંત્રી રૂપાણી દ્વારા પૂરની સ્થિતિની સમીક્ષા

ગુજરાતભરમાં આજે સાર્વત્રિક વરસાદ અને ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં પૂરની પરિસ્થિતની ગંભીરતા ધ્યાને લઈ રાજયના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણી આજે સવારે ગાંધીનગર ખાતેના રાજય કંટ્રોલરૂમ પર પહોંચી ગયા હતા અને સમગ્ર રાજયની વરસાદી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. મુખ્યપ્રધાને ખુદ જવાબદાર અધિકારીઓ સાથે ટેલિફોનીક વાતચીત કરી પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી અસરકારક બનાવવા અને જરૂરિયાતમંદ લોકોને ફુડ પેકેટ સહિતની જરૂરી તમામ વ્યવસ્થા પૂરી પાડવા પણ કડક તાકીદ કરી હતી. મુખ્યમંત્રીએ આ વખતે આગાહીને ધ્યાનમાં લઈ સમગ્ર રાજયમાં તંત્ર અને અધિકારીઓ તેમ જ એનડીઆરએફ, એસટીઆરએફ સહિતની બચાવટીમો કાર્યરત હોવાથી વરસાદી મેઘતાંડવથી એટલી તબાહી સર્જાઈ નહી હોવાનો દાવો કર્યો હતો. મુખ્યમંત્રીએ પૂરગ્રસ્ત વિસ્તારના લોકોને બનતી તમામ સહાય પૂરી પાડવાની હૈયાધારણ આપી હતી.

મુખ્યમંત્રી કંટ્રોલ રૂમમાં : રાજયમાં અનરાધાર વરસાદને પગલે શનિવારે સવારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર ખાતે સ્ટેટ કંટ્રોલ રૂમમાં પહોંચ્યા હતા. રાજયના મુખ્ય અધિકારીઓ સાથે વિગતવાર માહિતી મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી.

પ્રાંતિજમાં લૂંટના ઈરાદે આવેલ બે અજાણ્યા શખ્સો દ્વારા વેપારી પર જીવલેણ હુમલો

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રાત્રીના સમયે દુકાન બંધ કરી ઘરે જઈ રહેલ વેપારીને લુંટના ઈરાદે આવેલ બે અજાણ્યા સખ્શોએ ઘાતક હથિયાર વડે હુમલો કરતાં વેપારીને હાથે-પગે ઈજાઓ પહોચી હતી.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડ ઉપર રાત્રીના સમયે દુકાન બંધ કરીને ઘરે જઈ રહેલ શ્રીનાજી ટ્રેડર્સ માલિક અને પ્રાંતિજ ખાતે તેલનો હોલસેલમાં વેપાર કરતાં ભરતભાઈ બાબુલાલ મોદી કે જેવો પોતાની એકટીવા ઉપર ઘરે જઈ રહ્યાં હતાં તે સમયે શેઠ.પી.એન્ડર.આર હાઈસ્કુલના ગેટ પાસેથી બે અજાણ્યા સખ્શો દ્વારા વેપારી ઉપર લુંટના ઈરાદે ધારિયા વડે હુમલો કર્યો હતો અને ધારિયાના ત્રણ ઘા કર્યા હતાં જેમાં વેપારીનો આબાદ બચાવ થયો છે પણ પહેલો ઘા એકટીવા ઉપર બીજો ઘા હાથ ઉપર અને ત્રીજો ઘા પગે કર્યો હતો જેમાં વેપારી ભરતભાઈ મોદીને ડાબા હાથે તથા ડાબા પગે ઈજાઓ પહોચી હતી અને પાછળ આવતા અન્ય એક વેપારીએ બુમાબુમ કરતાં બન્ને અજાણ્યા સખ્શો ભાગી ગયા હતા અને આજુબાજુમાથી લોકો ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં જયારે વેપારી ભરતભાઈને હાથે પગે ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં અને તેમને પગે મોટો ઘા થયો હોવાથી ચાર ટાંકા લેવામાં આવ્યાં હતાં જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરતાં પોલીસ દ્વારા બન્ને અજાણ્યા સખ્શોને પકડવાની કયાવત હાથ ધરી હતી.

કાંકરેજમાં જળ બંબાકારની સ્થિતિ ઠેર ઠેર પાણી ભરાતા વાહન વ્યવહાર પર માઠી અસર

કાંકરેજ, તા. ૨૨

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકામાં રાત્રીથી સતત પવન સાથે મેઘમહેર થતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ જવા પામ્યુ હતુ. જ્યારે તળાવો પાણીથી ઉભરાયા હતા અને ખેતરોમાં પાણી જ પાણી જોવા મળ્યું હતું. જેમાં ઉંબરી રેલવેનાળામાં પાણીનો ભરાવો થઈ જતા વાહનચાલકો અને વિદ્યાર્થીઓ અટવાયા હતા.

જ્યારે રવિપાણા ગામમાં ઘરોમાં પાણી ઘુસી જવા પામ્યા હતા. આ બાબતે ગટરલાઈનો બ્લોક થઈ જવાથી અથવા ગટરો નાખી ન હોવાથી હાલાકીનો સામનો લોકોને કરવો પડ્યો હતો. જો કે ખેતરોમાં ઉભેલા કપાસમાં મોટા પ્રમાણમાં નુકશાન થવાની ભીતિ સેવાઈ રહી છે. જ્યારે રસ્તાઓ ઉપર પાણી ભરાઈ જવાથી ઠેર ઠેર લોકો પાણીમાંથી મહા મુશ્કેલીએ બહાર નીકળ્યા હતા. ખીમાણા નાળામાં ૨ ફૂટ ઉપર પાણી ભરાઈ જવાથી વિદ્યાર્થીઓ વિમાસણમાં મુકાયા હતા.

આમ કાંકરેજમાં સાર્વત્રિક વરસાદ ખાબકતાં કુલ ૨૪૩ મી.મી. વરસાદ નોંધાયો હતો. જેમાં થરા શિહોરી, આકોલી, ઉંબરી, રવિયાણા, તેરવાડા, ટોટાણા સહિતના વિસ્તારોમાં પાણીનો જળ બંબાકાર જોવા મળ્યો હતો.

સરસ્વતી વિદ્યાલય મોડાસાના ડી.એચ. ગરોએ શાળાના બાળકોને કવિ ઉમાશંકર જોષીની જીવન ઝાંખી કરાવી

તાજેતરમાં શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય, મોડાસાના ગુજરાતી વિષયના શિક્ષક ડી.એચ. ગરોએ મૂર્ધન્ય-જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર કવિ રત્ન ઉમાશંકર જોષીના જન્મદિન નિમિત્તે સમગ્ર શાળાના બાળકો સમક્ષ તેમના કવન અને જીવન વિશેની રસપ્રદ માહિતી આપી વરસાદી માહોલમાં તેમની જીવન ઝરમરની ઝાંખી કરાવી હતી.

છોત્તેર ગોળ દરજી સમાજનું અધિવેશન કલોલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા/ગ્રામ્ય વિસ્તાર પૂર્વ ઝોનના છોત્તેર ગોળના દરજી જ્ઞાતિના સમાજનું બીજું વાર્ષિક અધિવેશન ૨૩ જુલાઈના રોજ રવિવારે બપોરે ૧.૩૦ કલાકે અંબાજી મંદિરની વાડી કપિલેશ્વર મહાદેવ કલોલ ખાતે યોજાશે. આ અધિવેશનમાં સમાજના દરેક સભ્યોને હાજર રહેવા સમાજના પ્રમુખ પરમાર મહેન્દ્રભાઈએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

પ્રાંતિજ ખાતે મતદાર જનજાગૃતિને લઈને સાઈકલ રેલી નીકળી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે મતદાર જન જાગૃતિને લઈને વિવિધ વિસ્તારોમાં સાઈકલ રેલી નિકળી હતી. પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત શેઠ.પી.એન્ડર આર હાઈસ્કૂલની વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જન જાગૃતિને લઈને પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ સોસાયટીઓ તથા બજાર સહિતના જાહેર માર્ગો ઉપર સાઈકલ રેલી નિકળી હતી. જેમાં આપણો વોટ આપણી તાકાત, લોકશાહીનો મુખ્ય આધાર, વોટના જાઈ કોઈ બેકાર, ટુ ફોર સીક્સ એઈટ ગો ટુ વોટ ડોટ વી લેટ જેવાં સુત્રો સાથે મતદાન જન જાગૃતિ લઈને શેઠ.પી.એન્ડર હાઈસ્કૂલના શિક્ષકો સંજયભાઈ, કુશલભાઈ બ્રહ્મભટ્ટ, જાની સાહેબના અધ્યકશસ્થાને રેલી નિકળી હતી.

અનરાધાર વરસાદ...

● પહેલા પાનાનું ચાલુ

વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરાતા તંત્ર અને અધિકારીઓને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજયમાં આજે સૌથી વધુ વરસાદ સૌરાષ્ટ્ર પંથકના રાજકોટ, ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, જામનગર, ભાવનગર સહિતના પંથકોમાં જોવા મળ્યો હતો. સૌરાષ્ટ્ર પંથકોના આ વિસ્તારોમાં કેટલીક જગ્યાએ તો એટલી હદે વરસાદ ખાબકયો હતો કે, જિલ્લા-તાલુકાના તમામ નદી-નાળાઓ છલકાઈ ગયા હતા અને તેના કારણે પૂરના પાણી કોઝવેતેમ જ રોડ-રસ્તાઓ પર ફરી વળ્યા હતા. ચોટીલામાં ૧૫ ઈંચ વરસાદ ખાબકતાં જળપ્રલયની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે કેટલાય ગામો અને વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા હતા. સેંકડો લોકો પૂરના પાણીમાં ફસાયા હતા. એનડીઆરએફની ટીમોની સાથે સાથે હેલિકોપ્ટરની મદદથી રેસ્કયુ ઓપરેશન માટે એરફોર્સની મદદ લેવી પડી હતી. આવી જ સ્થિતિ મોરબી-વાંકાનેરમાં જોવા મળી હતી. મોરબી અને વાંકાનેરમાં પણ અનરાધાર વર્ષાએ પૂર અને તારાજીની સ્થિતિ સર્જી હતી. કેટલાક ગામો અને વિસ્તારોમાં પાણીમાં ડૂબ્યા હતા તો, માર્ગો અને રેલ્વે ટ્રેક પર પૂરના પાણી ફરી વળ્યા હતા.

મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

કે શબ્દનું કોઈ પ્રકારે અર્થગૌરવ ખંડિત થતું નથી. આવી જ વાત 'લોપચિહનો'માં છે. જ્યારે કોઈ અક્ષરનો લોપ કરીને શબ્દને ટૂંકમાં પ્રયોજીએ છીએ ત્યારે કોઈપણ પ્રકારની સ્પેસ આપ્યા વિના લોપચિહન પ્રયોજવાનો નિયમ છે. પણ આપણી કમ્પ્યુટર સિસ્ટમને કારણે ક્યાંક સ્પેસ અપાઈ ગઈ હોય તો અર્થમાં કોઈ ફેર ના પડવાને કારણે ક્ષમ્ય છે.

હું બહુ સ્પષ્ટ રીતે માનું છું કે જોડણીના નિયમોનું પાલન થવું જ જોઈએ. પણ જે નિયમો બદલવાથી — બાંધછોડ કરવાથી ભાષા, વાક્ય કે શબ્દના અર્થમાં કોઈ કશોય ફેર પડતો નથી અને વાંચવામાં, સમજવામાં સરળતા રહે છે તો એવા ફેરફાર આપણે સ્વીકારવા જોઈએ. આજે કમ્પ્યુટર ટાઈપીંગમાં પણ 'વર્લ્ડમાં શ્રુતિ' અને 'પેજ મેકરમાં ભાષાભારતી ગોપિકા' થતું ટાઈપીંગ પણ પોતાની ખાસિયત અને મર્યાદાઓ લઈને આવે છે. પહેલા શરુઆતમાં શ્રુતિ ટાઈપીંગ માત્ર સરકારી કચેરીનું ટાઈપીંગ ગણાતું હતું. અને પેજમેકરમાં પુસ્તકો છપાતા. પરંતુ આજે શ્રુતિમાં ય પુસ્તકો છપાય છે. આ સોફટવેર પાસે ગુજરાતી ભાષાના ઘણા ફોન્ટ નથી. જેમ કે 'દૃષ્ટિ' નો 'દ' શ્રુતિમાં 'દ' થાય છે તો વળી 'ચિહન' જેવા અનેક શબ્દોમાં 'હલન્ત હ', અને 'બન્ને' જેવા શબ્દોમાં 'ન' પાછળ અડધો 'ન' નથી આવતા. એમાં 'ચિહ્ન' અને 'બન્ને' આમ થાય છે. જેને હવે આપણે સ્વીકારવા લાગ્યા છીએ. આપણી ગુજરાતીમાં 'દ' પાંચ પ્રકારે લખાય છે. 'દ, દ, દ, દ્ધ, દ્ર' પ્રથમ અડધો, બીજો આખો, ત્રીજો દ + ઋ, ચોથો દ + દ, અને પાંચમો દ + ર... હવે આ બધામાં કમ્પ્યુટરમાં ગુજરાતી સોફ્ટવેર બનાવનારને આવા વર્ણભેદોની ખબર હોતી જ નથી. તેથી આવી મુશ્કેલીઓનો સામનો કરવો જ પડે છે. અથવા ભાષાના જોડણીના થોડા નિયમો બદલવા પડે છે. ધીમે ધીમે ભાષાશુદ્ધિની જાણ અને સમજ આવતા કમ્પ્યુટર ક્ષેત્રે પણ ફેરફાર થઈ રહ્યા છે.

આપણી ભાષા આજે પંદરમી સદીથી ૨૧મી સદીમાં પહોંચી છે શક્ય છે કે એ ઘણા પરિવર્તનો ઝીલતી આવી હોય અને આજે ય કેટલાક પરિવર્તનોને અવકાશ હોય. પણ જે વિદ્વાનો એની ભાષાકીય શાસ્ત્રીયતા કે વૈજ્ઞાનિકતા ઉપર શંકા કે સંદેહ કરે છે કે એની ગોઠવાયેલી વ્યવસ્થાને બદલવા ઈચ્છે છે તેઓ એ વિચારવું જરૂરી છે.

તા.ક. : આવો, આપણે સૌ સાથે મળીને આપણી માતૃભાષા અને રાષ્ટ્રભાષાનું ગૌરવ વધારીએ.

- 9426060601.india@gmail.com

રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

ભક્તિની આધ્યાત્મિકતાની સાથે સાથે શ્રાવણથી શરુ થતા રક્ષાબંધન અને જન્માષ્ટમી જેવા અનેકો રંગબેરંગી, સામજિક એકાત્મતાની ઓળખ આપનાર અને સમાજ અને કુટુંબ જીવનને મજબુતાઈના તાંતણે બાંધી રાખનાર તહેવારોની ખુશી એ શ્રાવણમા આપણને શીવ તરફથી મળતું વરદાન છે. લોકો જૂની સંસ્કૃતિને ભૂલતા જાય છે એવી દે ઠોક ફરિયાદો કરનારાઓએ વહેલી સવારે નજીકના શિવમંદિરમા થતી આરતી વખતે કે મેળામાં ઉત્સાહભેર કુટુંબને લઈને આનંદ મનાવતા લોકોના ચહેરાઓ જોઈ લેવા... ધરમ અને આસ્થા એટલી જલ્દી ઓછી કે ખતમ નથી થતી હોતી એનું શ્રાવણ (કે ઈવન કોઈ પણ ધર્મના તહેવારો) ઈશ્વરીય ઉદાહરણ છે... ઓમ નમઃ શિવાય !!!

શિહોરી રતનપુરા મોડેલ સ્કૂલ અને દુગાવાડા હનુમાન મંદિર ખાતે મંત્રી કેશાજી ચૌહાણના હસ્તે વૃક્ષારોપણ

કાંકરેજ, તા. ૨૨

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ સદ્ભાવના મિશન ગ્રૂપ દ્વારા ૩૦૦૦ વૃક્ષો રોપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રી કેશાજી ચૌહાણ, બનાસકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, કિર્તીસિંહ વાઘેલા, અગ્રણી ભાજપ ગુજરાત સહિત રતનપુરા સરપંચ શ્રવણજી ગોહિલ, જયેશ ગૌસ્વામી, અરવિંદ ઠાકોર, ભરતસિંહ સહિત શિહોરી સરપંચ સમુજી ડાભી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મોડેલ સ્કૂલની બાળાઓ દ્વારા સ્વાગતગીતથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સદ્ભાવના મિશનગ્રૂપ કાંકરેજ દ્વારા મંત્રી કેશાજી ચૌહાણનું ફૂલહારથી સ્વાગત કરાયું હતું. અને વૃક્ષો વાવો વરસાદ લાવો પર્યાવરણ બચાવો જેવા શબ્દો સાથે વૃક્ષ એ માનવજીવનનું એક અંગ છે જેનું જતન કરવું એ માનવીનો ધર્મ છે.

ખેડૂતોને બટાકા માટે કોલ્ડ સ્ટોરેજની ૫૦ સબસીડી લેવામાં બમણું નુકસાન

કોલ્ડ સ્ટોરેજમાંથી બટાકા કાઢવાની મુદ્દત ૩૧મી ઓક્ટોબર સુધી લંબાવી પોષણક્ષમ ભાવ આપો : ડો. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૨૨

ભાજપ સરકાર દ્વારા ખેડૂતો સાથે કરવામાં આવી રહેલી છેતરપીંડીમાં ખેડૂતોને બટાકામાં કોલ્ડ સ્ટોરેજની રૂ. ૫૦ની સબસીડી લેવા જતાં ડબલ કરતા વધારે નુકસાન થઈ રહ્યું છે. જ્યારે કોલ્ડ સ્ટોરેજમાંથી માર્કેટમાં ઠલવાઈ રહેલાં બટાકાનાં કારણે ભાવ તળીયે પહોંચી જતાં કોલ્ડ સ્ટોરેજમાંથી બટાકા કાઢવાની મુદ્દત ૩૧મી ઓગસ્ટનાં બદલે ૩૧મી ઓક્ટોબર સુધી લંબાવી આપવા કોંગ્રેસે માંગણી કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકાર છેલ્લા બે દશકાથી ખેડૂત વિરોધી નીતિરીતિ અપનાવી કિસાનોને હળહળતો અન્યાય કરી રહી છે. ભાજપની રૂપાણી સરકારે ખેડૂતો સાથે છેતરપીંડી કરતાં છેલ્લે બટાકા કોલ્ડ સ્ટોરેજમાંથી કાઢવા માટે ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭ની મુદ્દત આપી હતી. આ સાથે ખેડૂતદીઠ બટાકાનાં ૬૦૦ કટ્ટાની મર્યાદા રાખી માત્ર રૂ. ૫૦ સબસીડી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ ટૂંકી મુદ્દતમાં સબસીડીનો લાભ લેવા જતાં ખેડૂતોને અત્યારે રૂ. ૧૦૦થી ૧૫૦ સુધીનું ભારે નુકસાન થઈ રહ્યું છે. કારણ કે, કોલ્ડ સ્ટોરેજમાંથી મોટા પ્રમાણમાં બટાકા કાઢવામાં આવી રહ્યા હોવાથી માર્કેટમાં અત્યારે બટાકાનાં ઢગ ખડકાઈ રહ્યાં છે.

સામાન્ય રીતે ખેડૂતો દ્વારા કોલ્ડ સ્ટોરેજમાંથી ૩૧મી ઓક્ટોબર સુધી બટાકા કાઢવામાં આવતા હોય છે. આથી સરકારે ત્યાં સુધીની મુદ્દત વધારવી આપવી જાઈએ. ભાજપ સરકારે કોલ્ડસ્ટોરેજ સબસીડીની જાહેરાત કરી ત્યારે બટાકાનો ભાવ ૨૦ કિલોએ રૂ. ૧૨૦ હતો. જે અત્યારે ઘટીને રૂ. ૫૦-૬૦ સુધી નીચો જતો રહ્યો છે.

એ જ રીતે સિઝનની શરૂઆતમાં જુદાં જુદાં કઠોળનાં ભાવ ૧૫૦૦ રૂપિયા સુધી હતા. તે અત્યારે ગગડીને રૂ. ૭૦૦ સુધી એટલે કે ટેકાના ભાવથી પણ નીચે જતાં રહ્યાં છે. ખેડૂતોએ બિયારણ, ખાતર, વિજળીના ખર્ચ સાથે કરેલી મહેનત પ્રમાણે એકપણ પાકમાં ટેકાના ભાવ પણ મળતા નથી. ત્યારે જા ખેડૂતો દ્વારા તેમનાં પ્રશ્નો અંગે સરકારમાં રજૂઆત કરવામાં આવે તો ભાજપ દ્વારા લાઠીચાર્જ કરાવી દમન ગુજારવામાં આવે છે. આ સંજાગોમાં ખેડૂતોને બટાકા તેમજ કઠોળના પોષણક્ષમ ભાવો મળી રહે તેવી સુદૃઢ વ્યવસ્થા તાત્કાલિક કરવી જાઈએ.